**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ પરિણામનું વિતરણ કરવું)**

**પરિપત્ર**

**વિજ્ઞાન પ્રવાહ**

ક્રમાંક : મઉમશબ/ક/વિજ્ઞાન/પરિણામ/જુલાઈ-2021
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સૅકટર-10 બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.
તા. 23-08-2021

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ)
ગુજરાત રાજ્ય (તમામ)

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા જુલાઈ-2021 વિજ્ઞાન પ્રવાહના (રિપીટર ઉમેદવાર) પરિણામ બાદની કાર્યવાહી બાબત અને ગુજકેટ-2021ની પરિણામ બાદની આનુષાંગિક કાર્યવાહી અંગે.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, જુલાઈ-2021 વિજ્ઞાન પ્રવાહ (રિપીટર ઉમેદવારો)ની લેવાયેલી પરીક્ષાના પરિણામ સાથે વાલી/વિદ્યાર્થી અને શાળાઓને માર્ગદર્શન માટે જરૂરી સૂચના મોકલી આપવામાં આવે છે. **જેનો શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી કાર્યવાહી કરવાની રહેશે.**

ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના પરિણામ સાથે તમામ ઉમેદવારોના ગુણપત્રક અને ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોના પ્રમાણપત્ર તથા એસ.આર. મોકલી આપવામાં આવે છે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા જુલાઈ-2021 વિજ્ઞાન પ્રવાહના ગુણચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા માટેના અને AB ગ્રૂપના ઉમેદવારોના A કે B ગ્રૂપનું વિકલ્પ આપવાના તથા ઉત્તીર્ણ ઉમેદવારોને પરિણામ રદ કરાવી પુનઃ ઉપસ્થિત થવા માટેના અરજીના નમૂના ઓનલાઈન મૂકવામાં આવેલ છે. પરિણામ બાદ OMRની ઝેરોક્ષ મેળવવા માટેની અરજીઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org ઉપર કરવાની રહેશે. જેની વિગતો બોર્ડ દ્વારા હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

**સૂચનાઓ :**

**A.** **વેરિફીકેશન :** ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરિફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.

**B.** **નામ-સુધારો :** આચાર્યશ્રીએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ (અંગ્રેજી સ્પેલિંગ) ચકાસી જવા ખાસ જણાવવું અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમય-મર્યાદામાં અરજી કરવા જણાવવું. ધોરણ-10 (S.S.C.) ની માર્કશીટ અથવા L.C. મુજબ વિદ્યાર્થીના નામમાં કોઈ સુધારો કરવો જરૂરી હોય તો આધાર પુરાવા સાથે નિયત અરજીપત્રકમાં નિયત સમય-મર્યાદામાં અરજી કરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપશો. સમય-મર્યાદામાં મળેલ નામ સુધારા અરજી માટેના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ ગુણપત્રક/ પ્રમાણપત્ર વિનામૂલ્યે આપવામાં આવે છે.

**C.** **મેળવેલ ગુણ-તૂટ ન સ્વીકારવા બાબત :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 40(4) અન્વયે : કૃપા-ગુણ (ગુણ-તૂટ ક્ષમ્યતા)થી પાસ થયેલ ઉમેદવાર જો ઈચ્છે તો કૃપા-ગુણ રદ કરવાની અરજીઓ પરિણામ પ્રસિદ્ધ થયાથી 30 દિવસ સુધીમાં જ બોર્ડની કચેરીને શાળા મારફતે 'ક'

શાખાને મોકલી શકશે અને બોર્ડ દ્વારા કૃપા-ગુણ (ગુણ-તૂટ ક્ષમ્યતા) રદ કરી અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. સમય-મર્યાદા બહાર મળેલ અરજી પર કોઈ પણ સંજોગોમાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

**D.** **ગુણ ચકાસણી :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 45 અન્વયે :

- **ગુણ ચકાસણી એટલે :** ઉત્તરવહીઓનું વિષય શિક્ષકો પાસે ચકાસણી કરાવી વિદ્યાર્થીને બોર્ડ દ્વારા ફક્ત પ્રત્યુત્તર પાઠવવાની પ્રક્રિયા. ગુણ ચકાસણી તમામ વિષયોમાં કરવામાં આવે છે.
- **OMR ઝેરોક્ષ અને વેરીફીકેશન :** મુખ્ય ચાર વિષયોની વિદ્યાર્થી દ્વારા લખેલી OMRની ઝેરોક્ષ કોપી અને વિદ્યાર્થીઓએ OMRમાં આપેલ પ્રત્યુત્તર અને બોર્ડ દ્વારા તૈયાર કરેલ આન્સર-કી સાથે વેરીફીકેશન રીપોર્ટ આપવાની પ્રક્રિયા. OMRની ઝેરોક્ષ 4 (ચાર) વિષયની મળી શકે છે : (050) ગણિત, (052) રસાયણ વિજ્ઞાન, (054) ભૌતિક વિજ્ઞાન અને (056) જીવવિજ્ઞાન.
- વિજ્ઞાન પ્રવાહમાં ગુણ ચકાસણી અને મુખ્ય 4 (ચાર) વિષયોની OMRની ઝેરોક્ષ મેળવવા માટેની અરજી ફક્ત બોર્ડની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન સ્વીકારવામાં આવશે. તે અંગેની નિયત ફી ઉક્ત વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ભરવાની રહેશે.

**E.** **દફતર ચકાસણી :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 52 ની જોગવાઈ મુજબ દફતર ચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારે નિયત અરજીપત્રકમાં આધારો પરિણામ પ્રસિદ્ધ થયાના બે અઠવાડિયા સુધીમાં (ફી વગર) બોર્ડની કચેરીને અરજી મોકલી આપવાની રહેશે. **(પરિશિષ્ટ-3)**

**F.** **વિજ્ઞાન પ્રવાહમાં અનુત્તીર્ણ ઉમેદવારને સામાન્ય પ્રવાહમાં ખાનગી ઉમેદવાર તરીકે પાત્રતા :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં નાપાસ થનાર ઉમેદવાર આગામી વર્ષમાં લેવાનાર ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં (મુખ્ય) પ્રવાહ ફેરફાર કરી સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ફોર્મ ભરી ખાનગી ઉમેદવારે તરીકે ઉંમરની બાધને ધ્યાનમાં લીધા સિવાય પરીક્ષા આપી શકે છે. આ બાબત અંગે વાલી/વિદ્યાર્થીને સમજ આપશો. જે અંગે આચાર્યશ્રીએ ઉમેદવારોને માર્ગદર્શન આપવું. ખાનગી ઉમેદવારોની મંજુરી મેળવવા માટેની માહિતી બોર્ડ દ્વારા શાળાઓને અલગથી મોકલી આપવામાં આવશે, જેની નોંધ લેશો.

**G.** **Differently abled ઉમેદવારો અંગે :**

Differently abled ઉમેદવારોને 20% ગુણથી પાસ કરવાના ધોરણનો વિશેષ લાભ માટે મળેલ રજૂઆતો પૈકી જે ઉમેદવારોએ આ અંગે પૂરતા આધારો સાથે રજૂઆત કરેલ છે, તેઓને લાભ આપવામાં આવેલ છે. આવા "Differently abled" ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર તેઓને આપતા પહેલા ઉમેદવારના Differenlty abled હોવાના અસલ પ્રમાણપત્રની ચકાસણી આચાર્યશ્રીએ કરી લેવી.

Differently abled અંગેના પ્રમાણપત્ર-આધાર પુરાવાની ખાતરી કર્યા સિવાય કોઈ પણ Differently abled ઉમેદવારને ગુણપત્રક/પ્રમાણપત્ર આપવું નહીં, જેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જો કોઈ ઉમેદવારને બોર્ડ દ્વારા Differently abled નો વિશેષ લાભ આપવામાં આવેલ હોય, પરંતુ તેના Differently abled અંગેના સિવિલ સર્જન/આર.એમ.ઓ.ના પ્રમાણપત્ર બાબતે સંશય કે શંકા હોય તો તેવા ઉમેદવારાના ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડને પરત કરવા. (ઉમેદવારને આપવા નહીં.)

**H. યોગ્યતા (એલિજિબિલિટી) પ્રમાણપત્ર મેળવવા બાબત/ માર્કશીટ -L.C.ની ખરાઈ કરવા અંગે :** ધોરણ 11 કે 12માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માર્કશીટ/L.C.ની જે તે બોર્ડ/ સંસ્થા/શાળાની ખરાઈ કરવા તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારી તરફથી ઈસ્યુ થતા સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી આચાર્યશ્રીએ વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કરી લેવાની હોય છે. એસ.એસ.સી. (ધોરણ-10) કે ધોરણ-11ના પાસ કર્યાના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓની માર્કશીટ/L.C./ની ખરાઈ કરાવી કે સમકક્ષતા પ્રમાણપત્ર મેળવીને જ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ જુલાઈ-2021નું ગુણપત્રક-પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**I. AB ગ્રૂપના ઉમેદવારને A અથવા B ગ્રૂપના આધારે પરિણામ મેળવવાનો વિકલ્પ આપવા અંગે :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા જુલાઈ-2021માં AB ગ્રૂપ પૈકીના ઉમેદવારો ભૌતિક અને રસાયણશાસ્ત્ર સહિત અન્ય વિષયોમાં ઉત્તીર્ણ હોય પરંતુ ગણિત (050) અથવા જીવવિજ્ઞાન (056) વિષયોમાં અનુતીર્ણ થાય તો તેની પસંદગી મુજબનો વિષયનો વિકલ્પ (A અથવા B ગ્રૂપ) આપી પરિણામ મેળવી શકશે. આ સાથે સામેલ નમૂના મુજબના અરજી પત્રકમાં પરિણામ પ્રસિદ્ધ થયાના બે અઠવાડિયા સુધીમાં બોર્ડની કચેરીને મળી જાય તે રીતે વિદ્યાર્થીએ અસલ માર્કશીટ સાથે સંબંધિત શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે મોકલી આપવાની રહેશે. એક વાર વિકલ્પ આપ્યા પછી તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં. (પરિશિષ્ટ-6)

**J. ઉત્તીર્ણ ઉમેદવારને પરિણામ રદ કરી આગામી પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થવા અંગે :** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વર્ષ-2021માં ઉત્તીર્ણ ઉમેદવાર તેઓએ મેળવેલ પરિણામની સિદ્ધિ સુધારવા ઇચ્છતા હોય તો જુલાઈ-2021નું પરિણામ રદ કરાવીને આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ માટે ઉમેદવારો નીચેની શરતો ધ્યાને લઈ પરિણામ રદ કરાવી શકશે :

(1) વર્ષ-2021નું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર પરત કરવાનું રહેશે.

(2) વર્ષ-2021ના વિષયો સાથે જ આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. વિષય બદલી શકાશે નહીં.

(3) વર્ષ-2021ના પરિણામના આધારે કોઈ વિષયની પરીક્ષામાં મુક્તિ દાવો કરી શકાશે નહીં.

(4) શાળામાં પુનઃ પ્રવેશ મેળવી શકાશે નહીં.

(5) ધોરણ 12ના શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અને બોર્ડ પરિણામ રદ કરવાની દરખાસ્ત માન્ય રાખે અને લેખિત પ્રત્યુત્તર આપે ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને જનરલ રજિસ્ટરમાં રીમાર્કના ખાનામાં **'માસ- ...................... 2021માં મેળવેલ પરિણામ પુનઃ ઉપસ્થિત થવાથી રદ'** એવો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.

(6) ઉમેદવારો પરિણામ સુધારણા માટે આગામી વર્ષની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા ઇચ્છતા ઉમેદવારોએ તા.16-11-2021 સુધીમાં **પરિશિષ્ટ-4** મુજબના નિયત નમૂનામાં જરૂરી આધારો સહ વિજ્ઞાન પ્રવાહ માટે 'ક' શાખામાં રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.

(7) આવા ઉમેદવારોએ આગામી વર્ષની મુખ્ય પરીક્ષા માટે આવેદનપત્ર પરિણામ જમા કરાવતી વખતે નિયત નમૂનામાં ભરવાનું રહેશે અને આગામી વર્ષની મુખ્ય પરીક્ષાની પરીક્ષાનું પરિણામ બોર્ડ દ્વારા અલગથી નવું ગુણપત્રક આપવામાં આવશે. ઉક્ત પરિણામ ઉમેદવારે માન્ય રાખવાનું રહેશે. અગાઉનું પરિણામ કોઈ પણ સંજોગોમાં માન્ય રહેશે નહીં.

**નોંધ:** **ઑગસ્ટ-2021માં પુનઃ ઉપસ્થિત થનાર ઉમેદવારો ગુણ ચકાસણી/દફતર ચકાસણી/ ગુણ-તૂટ/નામ-અટક સુધારો અને મુખ્ય ચાર 050, 052, 054, 056 વિષયોની OMR ની નકલ માટે ઑનલાઈન અરજી નીચે જણાવેલ કોષ્ટક મુજબ કરી શકશે.**

## અરજીઓ સ્વીકારવાની અંતિમ તારીખ (રિપીટર)

| અ. નં. | વિગત | અરજી કરવાની પદ્ધતિ | ફી | અરજી સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|
| 1. | ગુણ ચકાસણી | ઓનલાઈન | રૂ.100/- (ઉત્તરવહી દીઠ) (PART-B) તમામ વિષયો | પરિણામ બાદ online અરજી કરી શકાશે. જેની તારીખ અને વિગતવાર માહિતી વેબસાઈટ પર મૂકવામાં આવશે. |
| 2. | OMR ઝેરોક્ષ અને વેરીફીકેશન રીપોર્ટ મેળવવા માટે | ઓનલાઈન | રૂા.100/- (OMR દીઠ) (PART-A) મુખ્ય 4 વિષયો | |
| 3. | દફતરી ચકાસણી | પરિશિષ્ટ-3 | - | તા. 7-9-2021 સુધી |
| 4. | નામ/અટકમાં સુધારો | પરિશિષ્ટ-7<br>પરિશિષ્ટ-7A | પરિણામ જાહેર થયાના 3 માસ બાદ રૂા. 100/- ફી | પરિણામનાં ત્રણ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી અને અરજી કરનારને નિયત ફી ભરેથી અસલ ગુણપત્રક, પ્રમાણપત્ર આપવામાં આવશે. ત્યાર બાદ ડુપ્લીકેટ ગુણપત્રક/ પ્રમાણપત્ર મળશે. |
| 5. | ગુણ-તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-5 | - | તા.22-9-2021 સુધી |
| 6. | AB ગ્રૂપમાંથી A કે B ગ્રૂપમાં ફેરફાર કરી પરિણામ મેળવવા અંગે | પરિશિષ્ટ-6 | - | પરિણામ પ્રસિદ્ધ થયા બાદ<br>તા. 15-9-2021સુધી |
| 7. | ઉત્તીર્ણ ઉમેદવાર દ્વારા પરિણામ રદ કરાવી પુનઃ ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારો માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-4<br>ઓનલાઈન | નિયત પરીક્ષા ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ | HSC આગામી વર્ષની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ તા.16-11-2021 સુધીમાં અરજી રૂબરૂમાં બોર્ડની કચેરીએ જમા કરાવવાની રહેશે. |

### ગુજકેટ-2021 માટે અગત્યની સૂચના

ગુજકેટ ઓગષ્ટ-2021ની માર્કશીટનું વિતરણ તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક કરવાનું રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવારને ગુણપત્રક ન મળ્યુ હોય તો દિન-02 માં શાળાના લેટરપેડ પર દરખાસ્ત તૈયાર કરી બોર્ડ કક્ષાએ રૂબરૂ જમા કરાવવાથી ગુણપત્રક આપવામાં આવશે.

ગુણપત્રકમાં નામ/અટક વગેરેમાં સુધારો કરવા ગુજકેટ પરિશિષ્ટ-5 મુજબ બોર્ડ કક્ષાએ દિન-15માં અરજી કરવાની રહેશે. ગુજકેટ-2021ના પરિણામ મળ્યા બાદ OMR ની નકલ મેળવવાની અરજી નિયત ફી સાથે બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા gujcet.gseb.org પરથી Online કરવાની રહેશે.

**(જે. જી. પંડ્યા)**
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

**નકલ રવાના :**
પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ)ને
જાણ અને શાળાઓને જાણ કરવા સારું.